सत्यमेव जयते

રે.દિ.મુ.નંબર – ૧૬/૨૦૨૦

વાદી તર્ફે વિ.વ.શ્રી  એચ.એમ.શુકલ
પ્રતિવાદી નં-૬-૭ તર્ફે વિ.વ.શ્રી એન.જે.મોદી
પ્રતિવાદી નં ૧ થી ૫ તર્ફે કે.કે.રોહીત

**વાદી ની આંક-૫ ની કોડ ઓફ સીવીલ પ્રોસીઝર ના ઓર્ડર ૩૯ રુલ ૧-૨ ની જોગવાઇ મુજબ કામચલાઉ મનાઇ હુકમ મેળવવા બાબતેની અરજી લગત હુકમ :-**

૧). હાલનો દાવો વાદીએ જાહેરાત તથા કાયમી મનાઇ હુકમ મેળવવા તથા રીલીઝડીડ ગેરકાયદેસર તથા નલ એન્ડ વોઇડ ઠરાવવા માટે ની દાદ મેળવવા માટે પ્રતિવાદી નાઓ વિરુધ્ધ દાખલ કરેલ છે, અને જે સાથે આંક-૫ ની સી.પી.સી ઓર્ડર ૩૯ રુલ ૧-૨ તથા કલમ-૧૫૧ મુજબ દાવો ચાલતા દરમ્યાન વચગાળાનો મનાઇ હુકમ મેળવવા ની અરજી રજુ કરેલ છે અને જે આંક-૫ ની અરજીમાં માંગ્યા મુજબ ની કામચલાઉ મનાઇ અરજીની દાદ આપવા માંગણી કરેલ છે. જે અરજી લગત આ કામના પ્રતિવાદીઓને તાત્કાલીક કારણદર્શક નોટીસ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. જે લગત પ્રતિવાદીઓને નોટીસ કરતા પ્રતિવાદી નં ૬-૭ નાઓ ના.કોર્ટમાં પોતાના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલા છે અને આંક- ૧૩ થી પોતાનો લેખિત જવાબ રજુ કરેલ છે, જ્યારે પ્રતિવાદી નં ૧ થી ૫ નાઓ વિ.વ.શ્રી સાથે હાજર થયેલા છે પરંતુ દાવાનો કોઇ જવાબ આપેલ નથી. વાદી ધ્વારા પોતાની હાલની આંક-૫ ની કામચલાઉ મનાઇ હુકમ અરજીના સમર્થનમાં આંક-૩ ના લીસ્ટ માર્ક ૩/૧ થી માર્ક ૩/૭ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

| અનુક્રમ નંબર | દસ્તાવેજ ની વિગત | માર્ક |
|---|---|---|
| ૧. | ફેરફાર નોંધ નં ૩૭૬૫ ની તુમાર ની ઝેરોક્ષ નકલ | ૩/૧ |
| ૨. | ફેરફાર નોંધ નં ૩૭૬૬ ની તુમાર ની ઝેરોક્ષ નકલ | ૩/૨ |
| ૩. | મોજે ગામ એના તા. પલસાણા ના બ્લોક નં ૧૮૭ ની ૭/૧૨ ની ઝરોક્ષ નકલ | ૩/૩ |

| | | |
|---|---|---|
| ૪. | મોજે ગામ એના , તા. પલસાણા ના બ્લોક નં ૨૩૬ ની ૭/૧૨ ની નકલ | ૩/૪ |
| ૫. | મોજે ગામ એના , તા. પલસાણા ના બ્લોક નં ૧૮૭ તથા ૨૩૬ ની ૮-અ ની ઝેરોક્ષ નકલ | ૩/૫ |
| ૬. | મોજે ગામ એના , તા. પલસાણા ના બ્લોક નં ૧૨૦ ની ૭/૧૨ ની નકલ | ૩/૬ |
| ૭. | મોજે ગામ એના , તા. પલસાણા ના બ્લોક નં ૧૨૦ ની ૮-અ ની નકલ | ૩/૭ |

૨). વાદીના દાવા તથા કામચલાઉ મનાઇ હુકમ અરજી લગતની નોટીસો પ્રતિવાદી ને બજતા પ્રતિવાદી નં ૧ થી ૫ નાઓ તર્ફે વિ.વ.શ્રી હાજર થયેલા છે પરંતુ કોઇ જવાબ રજુ કરેલ નથી, તેમજ પ્રતિવાદી ૬-૭ નાઓ પોતાના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલા છે અને આંક-૧૩ થી લેખિત જવાબ રજુ કરેલ છે, તથા તે સાથે આંક-૧૪ ના લીસ્ટ થી દસ્તાવેજો રજુ કરેલા છે, જે પ્રતિવાદી નાએ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે તે નીચે મુજબ છે.

| અનુ.નંબર | દસ્તાવેજની વિગત | માર્ક |
|---|---|---|
| ૧ | મોજે એના ના બ્લોક નં ૧૮૭ ની ૭/૧૨ ની પ્રમાણીત નકલ | ૧૪/૧ |
| ૨ | મોજે એના ના બ્લોક નં ૨૩૬ ની ૭/૧૨ ની પ્રમાનીત નકલ | ૧૪/૨ |
| ૩ | મોજે એના ના બ્લોક નં ૩૩૫ ની ૭/૧૨ ની પ્રમાણીત નકલ | ૧૪/૩ |
| ૪. | મોજે એના ના બ્લોક નંબરો ની ગામ નમુના નં ૮-અ ની પ્રમાણીત નકલ | ૧૪/૪ |
| ૫. | હક્ક કમીની ફેરફાર નોંધ નં ૩૭૬૫ ની ન કલ | ૧૪/૫ |
| ૬. | હક્ક કમીની ફેરફાર નોંધ નં ૩૭૬૬ ની નકલ | ૧૪/૬ |

૩). આ કામે રજુ થયેલ વાદીના દાવા અને મનાઇ હુકમ અરજની વિગતો, સાથે રજુ થયલે દસ્તાવેજી પુરાવા, તેમજ પ્રતિવાદી તર્ફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને અને વંચાણે લીધેલ છે.

૪). આ કામે વાદી તરફે તેમના વિ.વ.શ્રી ધ્વારા પોતાની કામચલાઉ મનાઇ હુકમ અરજી લગત કરેલ મૌખીક દલીલો ધ્યાને લીધેલ છે , તેમજ પ્રતિવાદી નં ૬-૭ ના વિ.વ.શ્રી ધ્વારા વાદીની કામચલાઉ મનાઇ હુકમ મેળવવા ની અરજી સામે પોતાના જવાબ અને બચાવના સમર્થનમા કરેલ મૌખીક રજુઆત ધ્યાને લીધેલ છે .

૫). વાદીની દાવા અરજી તથા મનાઇ અરજી ની વિગતો તથા કેસનુ રેકર્ડ વંચાણે લેતાં તેમજ રજુ થયેલ પુરાવા અને પ્રતિવાદી તર્ફે નો લેખિત જવાબ,દસ્તાવેજી પુરાવા તથા રજુઆત વંચાણે લેતા મારી સમક્ષ હાલની ની-૫ ની કામચલાઉ મનાઇ હુકમ અરજીના નીકાલ અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થાય છે.

<u>મુદ્દા :-</u>

૧. શું વાદી પુરવાર કરે છે કે, તેઓનો પ્રથમદર્શનીય કેસ છે?

૨. શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં છે ?

૩. શું મનાઇ હુકમ નહી આપવાથી વાદીને નાણાથી પણ ભરપાઇ ના થઇ શકે તેવુ અપરીહાર્ય નુકશાન થવાનો સંભવ રહેલો છે ?

૪. શું હુકમ ?

૬). ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. “નકારમાં ”

૨. “નકારમાં ”

૩. “નકારમાં”

૪. આખરી હુકમ મુજબ.

ઉપરોક્ત નીર્ણયો અર્થે મારા કારણો નીચે મુજબ છે :

<u>--:: કા ર ણો ::-</u>

૭). <u>મુદ્દા નં ૧ થી ૩ :-</u>

ઉપરોક્ત તમામ મુદ્દા એકબીજા સાથે સંકળાયેલા હોય, વારંવારનુ પુનરાવર્તન ટાળવા માટે તમામ મુદ્દાની ચર્ચા એક સાથે કરેલ છે. વાદી તર્ફે કરવામાં આવેલ રજુઆત મુદ્દાની ચર્ચા સાથે આવરી લીધેલ છે.

**<u>Essential elements to grants or refuse interim injunctions:-</u>**

It is pertain to note that the power to grant a temporary injunction is in the discretion of the court, this discretion however, should be exercised reasonably, judiciously and on the legal principles. Injunction should not lightly granted as it adversely affects the other side. Generally , before granting the injunction, court must satisfied about the following aspects namely, prima-facie case, irreparable injury and balance of convenience.

The first rule is that the applicant must make out a ***prima facie case*** in support of the right claimed by him, court must be satisfied that there is a bona fide dispute raised by the applicant, there is strong case for trial which needs investigation. A prima facie case does not mean a case proved to the hilt but a case which can be said to be established if the evidence which is led in support of the same were believed. While determining whether a prima-facie case had been made out the relevant consideration is whether on the evidence led it was possible to arrive at the conclusion in question and not whether that was the only conclusion which could be arrived at on that evidence.

Existence of the prima facie case alone does not entitled the applicant for a temporary injunction, but the applicant must satisfied the court that he will suffer ***irreparable injury*** if the injunction as prayed for is not granted and that there is no other remedy open to him by which he can protect himself from the consequences of apprehended injury.

Third condition for granting interim injunction is that the ***balance of convenience*** must be in favor of the applicant. In other words, court must be satisfied that the comparatives mischief hardship or inconveniences which is likely to be caused to the applicant by refusing the injunction will be greater than that which is likely to be caused to the opposite party by granting it.

In case of judgment of Hon'ble Gujarat High Court J. M. Patel V. D.B. Patel reported in 2007 GLR 79, in Para - 15 it is observed that It is not the law that moment the suit is filed, trying to make out some case, by ignoring the material on record injunction must follow. If material is not be considered at the time of deciding injunction application, Courts will be flooded with frivolous litigations. Therefore, the Court is required to

examine minutely the merits of the case and the circumstances in existence...

સદર કામે રેકર્ડ ઉપરની વિગતો અને પુરાવા જોતાં દાવા વિયષક મિલકતના મુળ માલીક ગોવનભાઇ નાગરભાઇ કરીને હતા, તેઓ બીન વસીયતે ગુજરી જતાં તેમના સંતાનો માં બે દીકરા પિતાંબરભાઇ ગોવનભાઇ, રતનજીભાઇ ગોવનભાઇ હતા, આ કામના પ્રતિવાદી નં ૧ થી ૫ તે પિતાંબરભાઇ ગોવનભાઇ ના વારસદારો છે અને વાદી નં ૧ તે રતનજીભાઇ ગોવનભાઇ ની વિધવા છે તેમજ વાદી નં ૨ અને ૩ નાઓ તે મર્હુમ રતનજીભાઇ ગોવનભાઇ ની દીકરીઓ થાય છે અને પ્રતિવાદી ન ૬-૭ નાઓ તે વાદી નં ૧ અને મર્હુમ રતનજીભાઇ ગોવનભાઇ ના પુત્ર હરીશભાઇ રતનજીભાઇ ના પત્ની અને પુત્રી થાય છે, તેમજ વાદી નં ૧ ના પુત્ર હરીશભાઇ રતનભાઇ નો પુત્ર ચિંતનભાઇ હરીશભાઇ નાઓ પણ રોડ અકસ્મતામાં અવસાન પામેલા છે, આમ સદર દાવાના પક્ષકારો તે ગોવનભાઇ નાગરભાઇ ના કુટુંબના સભ્યો છે. હવે આ કામે એક સ્વીકૃત હકીકત રેકર્ડ ઉપર થી જણાઇ આવે છે કે, વાદીઓએ દાવાવાળી જમીનો સવાય ની મિલકત બાબતે કોઇ હક્કદાવો કરેલ નથી અને હાલના દાવાના કામે વાદી નં-૧ ના પુત્ર અને નં ૨-૩ ના ભાઇ હરીશભાઇ રતનભાઇ ના લાભમાં કરી આપેલ રીલીઝ દસ્તાવેજ ખોટો અને ગેરકાયદેસર હોવાનુ જણાવી અને પોતાના હક્કો કાયમ રહેલ હોવાના કથનો કરેલા છે પરંતુ આ કામે વાદી તર્ફે થયેલ માર્ક ૩/૧ અને ૩/૨ થી રજુ થયેલ ફેરફાર નોંધ નં૩૭૬૫ અને નોંધ નં ૩૭૬૬ નો તુમાર જોતાં તે સાથે રજુ થયેલ “બિનઅવેજી સમાયીકપણામાંથી નામ કમી કરવા અંગેનો સંમતી લેખ” રજુ કરેલ છે, જેમાં સદર લેખ ની તારીખ ૦૯/૦૩/૨૦૦૬ ના રોજ ની છે, એટલે કે સદર લેખ આજથી ૧૫ વર્ષ જુનો લેખ છે અને જે આધારે રેવન્યુ રેકર્ડમાં ફેરફાર નોંધ નં ૩૭૬૫ અને ૩૭૬૬ ની દાખલ થયેલ છે, આમ સદર ફેરફાર નોંધ નો જે તુમાર વાદીએ રજુ કરેલ છે, તે તુમાર જોતાં તે હક્ક કમી ની નોંધ કરવા અરજી કરનાર ઇસમ પ્રતિવાદી નં ૬-૭ ના કે તેમના પતિ મર્હુમ હરેશભાઇ રતનજીભાઇ નથી, જેથી કરાર ખોટો કરી અને ખોટી રીતે નામો કમી કરાવેલ હોવાની રજુઆત હાલના તબક્કે કોઇપણ પુરાવા લીધા સિવાય માનવા યોગ્ય જણાતી નથી, તેમજ સદર ફેરફાર નોંધ નં ૩૭૬૫ અને ૩૭૬૬ ની જે દાખલ કરવામાં

આવેલ છે તે નોંધ દાખલ કરતા અગાઉ લેન્ડ રેવન્યુ કોડ ની કલમ -૧૩૫(ડી) ની નોટીસ પણ તમામ પક્ષકારોને બજાવવામાં આવેલ હોવાનુ તુમાર થી જણાઇ આવે છે, જેથી કાયદેસરની પ્રક્રીયા બાદ હક્ક કમીની નોંધ દાખલ થયેલ હોવાનુ જણાઇ આવે છે, જે નોંધ ને પણ આજે ઘણો લાંબો સમય થયેલ છે અને જે નોંધો સામે વાદીઓએ હાલનો દાવો કર્યો ત્યાં સુધી કોઇ તકરાર ઉઠાવેલી નથી, કે સક્ષમ સત્તાધીકારી સામે રેવન્યુ કોર્ટમાં તે નોધો રદ કરવાનો કોઇ હુકમ થયેલ નથી, જેથી જ્યાં સુધી વાદી ધ્વારા તેવી નોંધો રદ કરવા અંગે કાર્યવાહી કરવામાં ના આવે ત્યાં સુધી તે નોંધ કાયમ રહે છે અને જેથી વાદી ને રેવન્યુ રાહે તે નોંધ પડકારેલ હોય ત્યારે તેઓને તે નોંધ જે દસ્તાવેજ આધારે દાખલ થયેલ છે તે સામાયીક પણામાં નામ કમી કરવાના લેખ ને પડકારવા હાલનો દાવો દાખલ કરવા અને ઇક્વીટીની દાદ મેળવવા અધિકાર નથી તેવી પ્રતિવાદીની દલીલો માનવા યોગ્ય જણાય છે. વધુમાં સદર કામે વાદી ધ્વારા જે તુમાર રજુ થયેલા છે, તેની સાથે રજુ થયેલ બિનઅવેજી સામાયિકપણામાંથી નામ કમી કરવા અંગેનો સંમતી લેખ તે નોટરી રુબરુ કરવામાં આવેલ લેખ છે અને તે કૌટુંબીક વ્યવસ્થાના ભાગ રુપ હોય, તેને નોંધણી ની જરુર નથી  જેથી વાદીની દલીલો કે સદર લેખ હક્ક કમી નો લેખ હોય ૧૦૦/- રુપીયાના અનરજીસ્ટર્ડ લેખ થી વાદીના હક્કો જતા રહેતા નથી તે હાલના તબક્કે માનવા યોગ્ય નથી, વધુમાં સદર કામે પ્રતિવાદી નં ૬-૭ તર્ફે થયેલ રજુઆત કે, પ્રતિવાદી નં ૬ ના પતિ અને નં -૭ ના પિતા હરીશભાઇ રતનજીભાઇ પટેલ નાઓ અવસાન પામેલા હોય, તેમના વારસદારો તરીકે સદર દાવાવાળી મિલકતો પ્રતિવાદી નં ૬-૭ ને મળેલ હોય, તે વાદીને પસંદ નહી આવતા, વાદીએ અન્ય ની ચઢવણી થી હાલનો ખોટો દાવો કરેલો છે અને વાદી નં ૧ ના પુત્ર હરીશભાઇ રતનજીભાઇ પટેલ ની વિધવા પ્રતિવાદી નં ૬ અને પુત્રી પ્રતિવાદી નં ૭ ને કાયદેસરના વારસાઇ હક્કો મળે નહી અને મિલકત વાદીઓ પડાવી લે તેવા બદ આશય થી હાલનો દાવો કરેલ છે, અને જ્યારે હરીશભાઇ રતનજીભાઇ પટેલ જીવીત હતા ત્યાં સુધી વાદીઓએ કોઇ તકરાર લીધેલ નથી અને તેઓનુ આકસ્મીક અવસાન થતા સદર મિલકતો પ્રતિવાદી નં ૬-૭ ને મળવા પાત્ર હોય, તે પ્રતિવાદી નં ૬-૭ ને મળે નહી અને વાદીઓ અન્ય ની સાથે મળી તે પડાવી લેવા માંગતા હોય, ખોટા કથનો કરી અને હાલનો

ખોટો દાવો કરેલ છે, તે વિગતો પણ હાલના તબક્કે પુરાવો લીધા સિવાય માનવા યોગ્ય નથી, પરંતુ સદર કામે એક નીર્વીવાદ હકીકત છે કે વાદી નં ૧ નાએ પોતાના હક્કો વડીલોપાર્જીત મિલકત પૈકી દાવાવાળી મિલકતોમાં થી જતા કરેલા છે અને જે હક્કો સને ૨૦૦૬ ની સાલમાં કરાર આધારે  અને તલાટી કમ મંત્રી શ્રી રુબરુ જતા કરેલા છે અને તે આધારે ફેરફાર નોંધો પણ રેવન્યુ રેકર્ડમાં દાખલ થઇ ગયેલ છે, જેથી હક્ક મીની ઇફેક્ટ પબ્લીક ડોક્યુમેન્ટ માં રીફલેક્ટ થયેલ હોય, તે આટલા લાંબા સમય ગાળા બાદ વાદીને પડકારવા કાયદેસર કારણ ઉત્પન્ન નહી થયેલ હોવાની પ્રતિવાદી નં ૬-૭ ની દલીલો માનવા યોગય જણાય છે, વધુમાં  વાદીએ રેવન્યુ અધિકારી સમક્ષ સદર હક્ક કમી કર્યા અંગેની નોંધો પડકારેલ તેમાં પણ લાંબા ગાળા બાદ તેઓએ પડકારેલ હોય, તેઓના વિરુધ્ધ હુકમ થયેલ હોય, વાદી પોતાની રેવન્યુ પ્રકરણમાં પણ સફળ થયેલા નથી, જેથી સદર નોંધો કાયમ રહેલ છે, હવે વાદીએ પોતાના દાવામાં જે તકરાર ઉઠાવેલ છે તેનો ન્યાય નીર્ણય પુરાવા લીધા સિવાય શક્ય નથી તેમ મારુ માનવુ છે, જેથી હાલના તબક્કે વાદી કોઇપણ મનાઇ હુકમ મેળવવા અધિકારી નથી તેમ મારુ માનવુ છે.

આમ ઉપરોક્ત વિગતો તથા દાવાના કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને પક્ષકારો તર્ફેની રજુઆત જોતાં મનાઇ હુકમ આપવા માટે ના ત્રણ મુદ્દા ચકાસવાના રહે છે.

**<u>Prima facie case :-</u>**

**In Gujarat Electricity Board, Gandhinagar v.Maheshkumar and Co., Ahmedabad (1995(5) SCC 545,)**

wherein it was held that "Prima facie case" means that the Court should be satisfied that there is a serious question to be tried at the hearing, and there is a probability of Plaintiff obtaining the relief at the conclusion of the trial on the basis of the material placed before the Court.

આ કામે વાદીનો પ્રથમ દર્શનીય કેશ નથી તેમ માનવા ને કારણ જણાય છે, કારણ કે દાવાવાળી મિલકતોમાંથી વાદીએ સ્વેચ્છાએ પોતાના હક્કો પોતાના પુત્ર મર્હુમ હરેશભાઇ રતનજીભાઇ પટેલ ના લાભમાં જતા કરેલા હોવાનુ રેકર્ડ ઉપર થી જણાય છે અને જે સામાયીક પણામાંથી પોતાના નામો કમી કરવા સમંતી આપતો લેખ વાદીએ નોટરી રુબરુ

કરી આપેલ છે, જે લેખ કર્યાને આજે ૧૫ વર્ષ ઉપરાંતનો સમય થયેલ છે, તે દરમ્યાન વાદીએ ક્યારેય તેને પડકારેલ નથી અને પોતાના પુત્ર હરીશભાઇ રતનજીભાઇ ના અવસાન બાદ પ્રતિવાદી નં ૬-૭ તેમના વારસો હોય, તેમને સદર મિલકતન મળે નહી તે આસય થી હાલનો દાવો પુત્રના અવસાન બાદ કરેલ હોવાની રજુઆત થયેલ છે, તેમજ મર્હુમ હરીશભાઇ રતનજીભાઇ પટેલ ધ્વારા ખોટો અને બોગસ લેખ ઉભો કરેલ હોવાના કોઇ કથનો વાદી તર્ફે થયેલા નથી, ત્યારે હાલના તબક્કે પુરાવા લીધા સિવાય ઇક્વીટીની દાદ મળવા પાત્ર નથી, તેમ મારુ માનવુ હોય, જેથી વાદીનો પ્રથમ દર્શનીય કેશ નથી તેમ મારુ માનવુ છે.

**Balance of convenience** :-

In Anwar Elahi vs Vinod Misra And Anr. 1995 IVAD Delhi 576, 60(1995) DLT 752, 1995 (35) DRJ 341

it was held that, Balance of convenience means that comparative mischief or inconvenience which is likely to issue from withholding the injunction will be greater than that which is likely to arise from granting it. In applying this principle, the Court has to weigh the amount of substantial mischief that is likely to be done to the applicant if the injunction is refused and compare it with that which is likely to be caused to the other side if the injunction is granted.'

સદર કામે રજુ થયેલ પુરાવાથી વાદી એ પોતાના દાવાવાળી જમીનો પરત્વેના હક્કો પોતાના દીકરા મર્હુમ હરીશભાઇ રતનજીભાઇ પટેલ ના લાભમાં જતા કરેલા છે અને નામ કમી કરવા સંમતી લેખ કરી આપેલ છે, જે આધારે રેવન્યુ રેકર્ડમાંથી નામ કમી કરવામાં આવેલ છે અને જે વાતને આજે ૧૫ વર્ષ નો સમય થયેલ છે અને વાદી નં ૧ ના પોતાના પુત્રની હયાતી દરમ્યાન આવી કોઇ તકરાર લીધેલ નથી, અને તેમના પુત્રના અવસાન બાદ પુત્ર ની વિધવા તથા દીકરી પ્રતિવાદી નં ૬-૭ ના હીસ્સે મિલકત આવેલ હોય, આટલા લાંબા સમય ગાળા બાદ હાલનો દાવો કરેલ હોય, અને રેવન્યુ પ્રકરણૌમાં પણ વાદીના વિરુધ્ધ હુકમ થયેલા હોય, જેથી બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીના લાભમાં નથી તેમ મારુ માનવુ છે.

**<u>Irreparable injury :-</u>**

**In the case of Orissa State Commercial Transport Corporation Ltd. v.Satyanarayan Singh, (1974) 40 Cut LT 336,**

observed: 'Irreparable injury' means such injury which cannot be adequately remedied by damages. The remedy by damages would be inadequate if the compensation ultimately payable to the plaintiff in case of success in the suit would not place,

**In the case of Hindustan Petroleum Corporation v. Shrinarayan and Ors.,(2002) 5 SCC 760,**

has held with regard to grant of interlocutory injunction which can also be applied with regard to grant of permanent injunction. It is specifically clear from the above principle that with regard to grant of permanent injunction the Court has to see that whether plaintiff has a legal right asserted by him in his favour or by violation of his right he would suffer irreparable injury.

વાદીએ પોતાના હક્કો પ્રતિવાદી નં ૬-૭ ના પતિ/પિતાના લાભમાં સને ૨૦૦૬ માં જતા કરેલા છે અને પુત્ર હરીશભાઇ રતનજીભાઇ પટેલ ની હયાતી દરમ્યાન આવો લેખ પડકારેલ નથી ત્યારે હાલમાં પોતાના પુત્રના અવસાન બાદ પુત્રવઘુ અને પૌત્રી સાથે સારા સબંઘો નહી હોવાના  કથનો કરી અને દાવો લાવેલા છે ત્યારે પ્રતિવાદી નં ૬-૭ ના વારસાઇ હક્કે મળવા પાત્ર મિલકતો બાબતે કોઇ પણ મનાઇ હુકમ વાદીના લાભમાં નહી આપવાથી વાદીને કોઇ નાણાથી પણ ભરપાઇ ના થઇ શકે તેવું નુકશાન થવા સંભવ હોવાનો જણાતો નથી, ઉલટાનુ મનાઇ હુકમ આપવાથી પ્રતિવાદી નં ૬-૭ નાઓ કે જે મર્હુમ હરીશભાઇ રતનજીભાઇ પટેલ ના કાયદેસરના વિઘવા અને પુત્રી હોવા છતાં પોતાના વારસાઇ હક્કો થી વંચીત થઇ જશે તેમ મારુ માનવુ હોય, વાદીને અપરીહાર્ય નુકશાન થવા સંભવ નથી તેમ મારુ માનવુ છે.

<u>૭.૪</u>  જેથી વાદી પોતાના દાવામાં સફળ થશે કે નહી તે પુરાવો લીઘા બાદ નક્કી થઇ શકે તેમ છે, પરંતુ  હાલના તબક્કે વાદી  ઘ્વારા કરેલા કથનો મુજબ અને રજુ થયેલા પુરાવા મુજબ મનાઇ હુકમ આપવા માટે ના ત્રણ સિઘ્ઘાંન્તો વાદીના લાભમાં ના હોય, હાલના તબક્કે કામચલાઉ મનાઇ હુકમ અરજી નક્કી કરવા માટે ઉપસ્થીત થયેલ  મુદા નં

૧ થી ૩ નો જવાબ નકારમાં આપુ છું અને મુદ્દા નં ૪ બાબતે ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**--:: આખરી હુકમ ::-**

૧. વાદી ની આંક-૫ ની કામચલાઉ મનાઇ હુકમ મેળવવા બાબતેની અરજી નામંજુર કરવામાં આવે છે.

૨. આ અરજીનુ ખર્ચ દાવાના પરીણામને અનુસરશે.

હુકમ આજરોજ તા. ૧૧ મી માહે એપ્રીલ સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

પલસાણા.

તા.૧૧/૦૪/૨૦૨૨

જયેશ વાલજીભાઇ ચૌહાણ
મુખ્ય સીવીલ જજ, પલસાણા.
તા.પલસાણા.જી. સુરત.
યુ.આઇ. કોડ નંબર જીજે ૦૧૪૩૧